જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૩/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૧૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૮૯	૧	૧૧૨૯૦	૧૭૪૧૧	૧	૧૭૪૧૨
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૬	૦	૨૭૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૯૦૪૭	૫	૨૯૦૫૨	૩૦૩૬૯	૭	૩૦૩૭૬
કુલ		૪૫૧૦૮	૬	૪૫૧૧૪	૫૪૨૮૨	૮	૫૪૨૯૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૩	૬,૮૯,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૩૪	૬,૩૪,૦૦૦/-

પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન :

પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી વસ્ત્રાપુર પોલીસ

પોલીસ કમિશ્નર સાહેબશ્રી, તથા સંયુક્ત પો.કમિ. સાહેબશ્રી સેકટર-૧ તથા ના,પો.કમિ. સાહેબશ્રી, ઝોન-૧ તથા મ.પો.કમિ. સાહેબશ્રી, "એ" ડીવીઝન સાહેબનાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી સબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ પ્રોહીના ગુન્હાઓ શોધી કાઢવા જરુરી સુચના તેમજ માર્ગદર્શન આપેલ હોય.જે અનુસંધાને વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.એમ.સરોદે સાહેબના માર્ગદર્શન હેઠળ તા.૦૪/૦૩/૨૦૨૧ ના રોજ વસ્ત્રાપુર પો.સ્ટે ના અનાર્મ મ.સ.ઇ.ભારતકુમાર દાનાભાઇ બ.નં.૧૩૪૫૩ તથા અ.લો.ર. જયપાલસિંહ દિલીપસિંહ બ.નં.૧૨૪૪૪ નાઓ પો.સ્ટે. વિસ્તારમાં પટ્રોલીંગમાં હતા.દરમ્યાન તેઓએ ઇકો કાર નં. GJ-18-BA-5537 માંથી અલગ અલગ ભારતીય બનાવટની વિદેશી દારુની બોટલો કુલ્લે બોટલ નંગ – ૬૧ કુલ્લે કિ.રુ.૪૫,૭૫૫/-ની મળી કુલ્લે કિ.રુ.૨,૪૫,૭૫૫/-નો મુદ્દામાલ શોધી કાઢી વસ્ત્રાપુર પોલીસે પ્રશંસનીય કામગીરી કરેલ છે.

આરોપી :- સફેદ કલરની મારૂતી સુઝુકી કંપનીની ઇકો કાર આગળ પાછળ RTO રજી.નં.GJ-18-BA-5537 નો ચાલક તથા એક અન્ય ઇસમ

કબ્જે કરેલ મુદ્દામાલ :- ભારતીય બનાવટના વિદેશી દારુની કુલ્લે બોટલ નંગ - ૬૧, કિ.રુ. ૪૫,૭૫૫/- તથા આર.સી. બુક તથા PUC ની નકલના કાગળ ની કિ.રુ. ૦૦/- તથા સફેદ કલરની મારૂતી સુઝુકી કંપનીની ઇકો કાર જેના આગળ પાછળ RTO રજી. નં. GJ-18-BA-5537 ની કિ.રુ. ૨,૦૦,૦૦૦/- નો મુદ્દામાલ મળી કુલ્લે કિં.રુ.૨,૪૫,૭૫૫/- ની મતાનો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ :-

પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.એમ.સરોદે સાહેબ તથા પોલીસ સબ ઇન્સપેકટર શ્રી આર.એસ.રાજપુત તથા મ.સ.ઇ.જહાંગીરખાન ઇસ્માઇલખાન તથા અનાર્મ મ.સ.ઇ.ભારતકુમાર દાનાભાઇ બ.નં.૧૩૪૫૩ તથા અ.હે.કો. રામચંદ્ર શાંતારામ તથા અ.પો.કો.સંજયભાઇ કાનજીભાઇ તથા અ.લો.ર.જયપાલસિંહ દિલીપસિંહ બ.નં.૧૨૪૪૪ તથા અ.લો.ર.વિશ્વરાજસિંહ હરદેવસિંહ બ.નં.૧૩૬૭

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પો.ઇન્સ એ.જે.ચૌહાણ નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી-જુગાર ની ડ્રાઇવ અનુસંધાને પ્રોહી/જુગારની પ્રવૃત્તી ની શોધ-ખોળ સારૂ તથા કોરાના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂ તા.૦૫/૦૩/૨૦૨૧ ના રોજ ક.૨૨/૩૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ક.૨૩/૦૦ વાગે વિજય પાર્ક ત્રણ રસ્તા પાસે આવતા સાથેના અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.ન.૬૮૧૨ નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે " કૃષ્ણનગર ચાર રસ્તા તરફથી એક ઓટો રિક્ષા નં-GJ-18-AY-9204 ની વિજય પાર્ક થઇ ઠક્કરનગર તરફ જનાર છે અને તે ઓટો રિક્ષામાં કેટલોક કેટલોક ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે " વિગેરે હકિકત આધારે સદરી જગ્યાએ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ નાઓ સાથેના સ્ટાફના માણસો મારફતે પંચોને સાથે રાખી સદરી હકિકત વાળી જગ્યાએ છુટા છવાયા ગોઠવાય ગયેલ અને થોડીવારમાં બાતમી હકિકત નંબર વાળી ઓટો રિક્ષા કૃષ્ણનગર ચાર રસ્તા તરફથી દુરથી આવતા જણાતા તેને રોકી કોર્ડન કરી એક ઇસમ ને આજરોજ તા.૦૬/૦૩/૨૦૨૧ ના ક.૦૦/૨૦ વાગે સદરી જગ્યાએથી ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂનો જથ્થો ૭૫૦ M.L. ની બોટલો નંગ-૧૮ કુલ્લે કિ.રૂ.૯,૦૦૦/-તથા ઓટો રિક્ષા કિ.રૂ.૭૫,૦૦૦/-તથા અંગજડતી માંથી મળી આવેલ મો.ફોન કિ.રૂ.૫,૦૦૦/-મળી કુલ્લે કિ.રૂ.૮૯,૦૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી મુદ્દામાલ કબ્જે કરી ધી.પ્રોહી કલમ-૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી) મુજબની કાયદેસરની કાર્યવાહી કરી તપાસ ચાલુ રાખી પ્રોહીબીશન નો કેશ સોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા.૦૬/૦૩/૨૦૨૧

આરોપીના નામ:- કિસ્મત સ/ઓ ચમનજી મથુરજી જાતે ઠાકોર ઉ.વ.૩૭ રહે,મ.નં-૧૯,મથુરજીની ચાલી અનિલ સ્ટાર્ચ મીલ ની પાછળ શહેર કોટડા અમદાવાદ શહેર

મુદ્દામાલ :- ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂનો જથ્થો ૭૫૦ M.L. ની બોટલો નંગ-૧૮ કુલ્લે કિ.રૂ.૯,૦૦૦/-તથા ઓટો રિક્ષા RTO NO-GJ-18-AY-9204 ની કિ.રૂ.૭૫,૦૦૦/-તથા અંગજડતી માંથી મળી આવેલ મો.ફોન કિ.રૂ.૫,૦૦૦/-મળી કુલ્લે કિ.રૂ.૮૯,૦૦૦/-ના મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ ના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા ફરિયાદ આપનાર અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.ન.૬૮૧૨ તથા એ.એસ.આઇ અશ્વિનભાઇ રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ તથા અ.હેડ.કોન્સ કલ્પેશકુમાર રણછોડભાઇ બ.નં-૫૦૭૧ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા લોકરક્ષક સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૫૩૧ તથા બીજા સ્ટાફના માણસો

આરોપી નો ફોટો



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૧૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૮૨ લીટર દેશી દારૂ, ૧૯૨ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧૦ ક્વોટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૨૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૪૨૧/૨૦૨૧**

સાયબર ક્રાઇમ : અમીતભાઇ ભાષ્કરભાઇ ઓઝા (ઉ.વ.૫૯)(રહે.પાયલપાર્ક, સેટેલાઇટ રોડ, સ્ટાર બજાર પાસે, સેટેલાઇટ) એ તા.૦૫/૦૩/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૩/૨૦૨૦ બપોરના ૨/૦૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન અમીતભાઇના ઘરે ઇન્ટરનેટના માધ્યમથી આરોપી નિશા, સિધ્ધાર્થ રોય, કંપનીના સી.ઇ.ઓ શરદચન્દ્ર અને અનુરાધા એ ભેગામળી "મહેતા ઇક્વીટીઝ કંપની" વતી બોલતા હોવાનુ જણાવી, મહેતા ઇકવીટીજના લેટર પેડ ઉપર ઇનવોઇસ શેર ટ્રેડીંગ માટે પેકેજ ઓફર આપી, અમીતભાઇને વિશ્વાસમાં લઇ, તેમને શેરમાં ઇન્વેસ્ટમેન્ટ કરાવી, ઇન્વેસ્ટમેન્ટ માંથી થયેલ પ્રોફીટના રોજે-રોજ વોટસઅપમાં સ્ક્રીનશોર્ટ મોકલી, અમીતભાઇએ ભરેલ નાણામાંથી કુલ રૂપિયા ૧,૨૭,૦૦,૦૦૦/- મુડી તથા નફો જણાવી અને જેના જી.એસ.ટી પેટે રૂપિયા ૧૮,૦૦,૦૦૦/- ભરવાનું જણાવી, અમીતભાઇ દ્વારા અલગ-અલગ એકાઉન્ટમાં ઓનલાઇન કુલ રૂપિયા ૧૮,૦૯,૦૦૦/- ભરાવી તેમની સાથે વિશ્વાસઘાત અને છેતરપીડીં કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એન.દેસાઇ ચલાવે છે.

લુંટ :- **સમાચાર યાદી નં.૪૨૨/૨૦૨૧**

વેજલપુર : પૃથ્વીસભાઇ વિજયભાઇ જાદવ (ઉ.વ.૨૯)(રહે.જય યોગેશ્વર સોસાયટી, નળ સરોવર રોડ સાણંદ, તા:સાણંદ જી:અમદાવાદ) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૩/૨૦૨૧ ના કલાક ૪/૩૦ વાગ્યાના સુમારે CTM થી સરખેજ જવા ઓટોરીક્ષામાં ભાડુ નક્કી કરી બેસતા, ફતેવાડી વિસ્તારની મેટ્રો વર્કસોપ પાસે આવેલ રોડ ઉપર ઓટોરિક્ષામા ઉભી રાખી, ઓટોરીક્ષામાં બેસેલ બે અજાણ્યા ઈસમોએ ભેગામળી પૃથ્વીસભાઇને ધારદાર ચપ્પુ બતાવી તેમની ટ્રોલી બેગ કે જેમા કપડા, કોલેજ બેગ કે જેમા અગત્યના દસ્તાવેજો, મોબાઇલનું ચાર્જર, ઇયરફોન, અને રોકડ રૂપિયા ૪,૨૦૦/- તથા પૃથ્વીસભાઇના ગળામા પહરેલ સોનાની પેન્ડલ સાથેની ચેઇન કિંમત રૂપિયા ૭૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૯,૨૦૦/- મતાની લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયો :-</u> **<u>સમાચાર યાદી નં.૪૨૩/૨૦૨૧</u>**

રામોલ : રતનસિહ ભીમસિહ ઝાલા (ઉ.વ.૫૪)(રહે.નિલેશપાર્ક સોસાયટી, ગોરના કુવા પાસે, કેનાલ પાસે જશોદાનગર) તા.૦૪/૦૩/૨૦૨૧ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે અદાણી સર્કલ થી મહેમદપુરા કેનાલની પહેલા રોડ ઉપરથી પત્ની સાથે પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યા પુરૂષે રતનસિંહની પત્નીના ગળામાં પહેરેલ સોનાનુ મંગલસુત્ર કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- અને સોનાનો દોરો કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની ફરીયાદ રતનસિંહ ઝાલા એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી